# કોરૂગેટેડ બોક્સ ઉત્પાદકોના અસ્તિત્વ સામે જોખમ

અમદાવાદ, તા. ૨૪

ક્રાફ્ટ પેપર મિલ્સ અને મોટા વપરાશકરો વચ્ચે ફસાયેલી કોરૂગેટેડ પેકેજિંગ ઇન્ડસ્ટ્રી ફરી કપરી સ્થિતિનો સામનો કરી રહી છે. આ ઇન્ડસ્ટ્રીના મુખ્ય કાચો માલ ક્રાફ્ટ પેપરના ભાવમાં તાજેતરમાં અનેક વખત, અસાધારણ ભાવ વધારો થયો થયો છે. આથી કોરૂગેટેડ પેકેજિંગના ઉત્પાદન ખર્ચમાં આશરે ૨૫ ટકાનો વધારો થયો છે. આગામી સપ્તાહોમાં પેપર મિલો ભાવમાં વધુ વધારો કરવાની યોજના બનાવી રહી છે. આ સ્થિતિ વધુ કપરી બનાવતા હોય તેમ આ ઉદ્યોગના બીજા તમામ કાચા માલના ભાવમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. સ્ટાર્ચના ભાવ છેલ્લા એક વ"ર્માં બમણા થયા છે. સ્ટિચિંગ વાયરના ભાવ ખાસ કરીને સ્ટીલના ખર્ચમાં વધારાને કારણે આશરે ૪૦ ટકા વધ્યા છે. મજૂરીના ખર્ચમાં પણ મોટો વધારો થયો છે. અહીં પ્રસંગોચિત ઉલ્લેખ જરૂરી છે કે કોરૂગેટેડ પેકેજિંગની આમ આદમની રોજિંદા વપરાશની લગભગ તમામ પ્રોડક્ટ્સના સલામત પરિવહન અને વિતરણ માટે જરૂર પડે છે. આવી પ્રોડક્ટ્સમાં દૂધ, શાકભાજી, ફળ, એન્જિનિયરિંગ ગૂડ્ઝ, ટેક્સટાઇલ્સ, કન્ઝુમર ડ્યુરેબલ્સ, દવા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગ સંપૂર્ણપણે રિસાઇકલ ફાઇબર પર આધારિત છે તેમજ વુડન પેકેજિંગનો સફળતાપૂર્વક વિકલ્પ આપીને તેમજ પર્યાવરણ જાળવી અને પર્યાવરણના સંતુલન માટે "દાન આપીને દેશની પેકેજિંગ જરૂરિયાતો પૂરી કરે છે. કોરૂગેટેડ પેકેજિંગ ઇન્ડસ્ટ્રી ખાસ કરીને નાના અને લઘુ ક્ષેત્રના ઉદ્યોગમાં આવે છે અને હાલમાં એક તરફ ક્રાફ્ટ પેપરના ભાવમાં અને બીજી તરફ બીજા તમામ કાચા માલના ભાવમાં વધારાને કારણે અસહ્ય દબાણનો સામનો કરી રહી છે.

ઇન્ડિયન કોરૂગેટેડ કેસ મેન્યુફેક્ચર્સ એસોસિએશન (આઇસીસીએમએ)ના પ્રેસિડન્ટ શ્રી કિરિટ મોદીએ જણાવ્યું હતુ કે ''અત્યાર સુધીની ફ્રેગમેન્ટેડ મેન્યુફેક્ચરિંગ પ્રોસેસને સંપૂર્ણ પણે ઓટોમેટિક પ્રોડક્ટ્સ લાઇનમાં અપગ્રેડ કરવા માટે દેશમાં તાજેતરમાં આધુનિક અને લેટેસ્ટ ટેકનોલોજી અપનાવવામાં આવી છે, જે વિશ્વભરના પેકેજિંગ ઇન્ડસ્ટ્રીનો માપદંડ છે. ઇન્ડસ્ટ્રીનું આ ક્ષેત્ર ઇન્ડિયન કોરૂગેટેડ કેસ મેન્યુફેક્ચરિંગ એસોસિએશનના બેનર હેઠળ એક બન્યું છે. આઇસીસીએમએ ભારતના બજારમાં લેટેસ્ટ ટેકનોલોજી અપનાવવા તાજેતરમાં નોંધપાત્ર રોકાણ કરનાર આવા તમામ એકમોનું પ્રતિનિધિત્વ કરે છે." તેમણે ઉમેર્યુ હતું કે ''તાજેતરના ધરતીકંપની બાદ ચિલીમાં પલ્પ મિલો બંધ થઈ જવાને કારણે ક્રાફ્ટ પેપરના ઉત્પાદનમાં વપરાતા ફાઇબરની વૈશ્વિક ક્ષેત્રે અછત ઊભી થઈ છે. ઉત્તર અમેરિકામાં કાતિલ ઠંડી અને બરફને કારણે સ્થાનિક રિસાઇકલ પેપર મિલ્સના મુખ્ય કાચા માલ એવા વેસ્ટ પેપરની ઉપલબ્ધતામાં વધુ દબાણ આવ્યું છે." પેપર મિલો એકસાથે ભાવવધારો કરે છે અને તેનો તાકીદની અસરથી અમલ કરે છે. આની સામે કોરૂગેટેડ બોક્સ સપ્લાયર્સે ગ્રાહકોની મંજૂરી લેવાની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. આ પ્રક્રિયામાં ૨થી ૪ સપ્તાહનો સમય લાગે છે. ભાવમાં વધઘટ સમજી શકાય તેવી બાબત છે, પરંતુ પેપર મિલો તાકીદની અસરથી જે રીતે ભાવવધારો અમલી બનાવે છે તેનાથી કોરૂગેટેડ બોક્સ ઉત્પાદક ઇન્ડસ્ટ્રી સામે સમસ્યા ઊભી થાય છે. આઇસીસીએમએના પ્રવક્તાએ જણાવ્યું હતુંકે ફુગાવાને વેગ આપત પેપર ઇન્ડસ્ટ્રીની કાર્ટેલ સામે તેઓ ભારત સરકારનું ધ્યાન ખેંચવા માગે છે.